કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- msbsmc@gmail.com
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં :- ૬૩૩૫ | તા. ૨૨/૧૧/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી તમામ,
ન.પ્રા.શિ.સ.સુરત.

વિષય - કોમી એકતા અને રાષ્ટ્રીય એકતા સપ્તાહની ઉજવણી કરવા બાબત.(તા.૧૯/૧૧/૨૦૧૭ થી તા.૨૫/૧૧/૨૦૧૭)

સંદર્ભ - (૧) મે. નાયબ શિક્ષણ નિયામકશ્રીનાં તા. ૧૮/૧૧/૧૭નાં પત્ર ક્રમાંક :પ્રાશિનિ/સંકલન/૨૦૧૭/૧૦૦૮૪-૧૩૬

(૨) શિક્ષણ વિભાગના ક્રમાંક : પરચ /૧૨૨૦૧૭/૧૩૫૧/વ.ર તા.૧૫/૧૧/૨૦૧૭

આથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત, સંચાલિત તમામ પ્રાથમિક શાળાઓના આચાર્યશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભમાં જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા તા.૧૯/૧૧/૨૦૧૭ થી તા.૨૫/૧૧/૨૦૧૭ દરમ્યાન " કોમી એકતા અને રાષ્ટ્રીય એકતા " સપ્તાહની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. કોમી સદભાવના અને રાષ્ટ્રીય એકતાના વિકાસ માટેના વિવિધ કામો વચ્ચેના સબંધ મજબુત બનાવવા તથા કોમી તોફાનોના કારણે અસર પામેલા કુટુંબોના નિરાશ્રિત બાળકોની સારસંભાળમાં મદદરૂપ થવા તેમજ તેઓને યોગ્ય શિક્ષણ અને તાલીમ મળી રહે તે હેતુ તથા તેઓના કુટુંબોના પુનર્વસનના ઉદેશ્યથી કેન્દ્ર સરકારે ગૃહ મંત્રાલય હેઠળ " રાષ્ટ્રીય સાંપ્રદાયિક સદભાવ પ્રતિષ્ઠાન " **(National Foundation for Communal Harmony)** ની પ્રવૃતિનો પ્રચાર કરવા, રાષ્ટ્રમાં કોમી એકતા તથા અખંડિતતાની ભાવનાને સુદ્રઢ બનાવવા તથા એન.એફ.સી.એચની પ્રવૃતિ માટે ફાળો એકત્રીત કરવાના ઉદેશ્યથી દર વર્ષની જેમ આ વર્ષે પણ "કોમી એકતા"ની ઉજવણી કરવાનું આયોજન કરવાનું જણાવેલ છે.

કોમી એકતા અને રાષ્ટ્રીય એકતા સપ્તાહની ઉજવણીના ભાગરૂપે તા.૨૪/૧૧/૨૦૧૭નાં રોજ રાજયની પ્રાથમિક શાળાઓમાં ધ્વજ દિનની તથા પર્યાવરણ સંરક્ષણ દિનની ઉજવણી કરવાની રહેશે. જેમાં ધ્વજદિનની નિમિતે સ્વેચ્છિક ફાળો એકત્રિત કરી નેશનલ ફાઇન્ડેશન ફોર કોમ્યુનલ હાર્મની નવી દિલ્હીને મોકલી આપવાનો રહેશે. જે અંગેનો રાષ્ટ્રીય સાંપ્રદાયિક સદભાવ પ્રતિષ્ઠાન, ભારત સરકારના તા.૧૪/૦૮/૨૦૧૭ની પત્રની નક્લ આ સાથે સામેલ રાખેલ છે.

આ પરિપત્ર શાળાનાં તમામ શિક્ષકોને વંચાવી સહી મેળવી દફતરે રાખવો.તથા આ અંગેની જાણ બાળકોને કરવી.

ઇ.ચા.શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત